# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-3

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમય: 3:00 કલાક | વિષય : ગુજરાતી (GUJ) | કુલ ગુણ - 80

---

સૂચનાઓ: (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો A, B, C, અને D છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

(2) દરેક વિભાગના 20 ગુણ છે.વિકલ્પો આંતરિક છે.

## વિભાગ-A

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| ગદ્ય કૃતિ | કર્તા |
|---|---|
| (1) ભૂલી ગયા પછી | (અ) જવાહરલાલ નહેરુ |
| (2) છત્રી | (બ) આત્માર્પિત અપૂર્વજી |
| (3) હિમાલયમાં એક સાહસ | (ક) જોરાવરસિંહ જાદવ |
| (4) વિરલ વિભૂતિ | (ડ) રઘુવીર ચૌધરી |
| | (ઈ) રતિલાલ બોરીસાગર |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** [02]

1. નરેને મનીષાને આવકારતા શું કહ્યું ?
2. લેખકે છત્રી ખોવાઈ ન જાય એ માટે કઈ સલાહ અમલમાં મૂકી?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો.** [06]

1. 'બોડીને તાં વળી કાંહકી કેવી ?' આ વિધાન સમજાવો.
2. ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી જવાનું કારણ જણાવો.
3. ડેગડિયાના મહાજનને સુંદરજી શેઠે શી સલાહ આપી ? **અથવા**
   શ્રીમદ્ રાજચંદ્રના કયા પ્રસંગથી ગાંધીજી ચકિત થઈ ગયા હતા ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો.** [08]

1. 'હિમાલયમાં એક સાહસ' પાઠને આધારે હિમાલયની સાહસિક યાત્રાનું વર્ણન કરો.
2. આંબા પટેલનું પાત્રાલેખન કરો. **અથવા**
   'આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે.' આ વિધાન વિગતે સમજાવો.

## વિભાગ-B

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| પદ્ય કૃતિ | કર્તા |
|---|---|
| (1) હું એવો ગુજરાતી | (અ) કલાપી |
| (2) વતનથી વિદાય થતાં | (બ) રાજેન્દ્ર શાહ |
| (3) બોલીએ ના કાંઈ | (ક) જય વસાવડા |
| (4) શિકારીને | (ડ) વિનોદ જોશી |
| | (ઈ) જયંત પાઠક |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** [02]

1. મારગની ધૂળને કવિ શું પૂછે છે ?
2. ગરીબ સ્ત્રીની ચૂંદડી કયાં સુધી સાથે રહે છે ?

(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. [06]

1. કોના દર્શન કરવાથી ઈકોતેર પેઢી તરી જાય છે?
2. સત્યના આયુધની કઈ વિશેષતા છે ?
3. જળમાં કોનું તેજ રેલાઈ રહ્યું છે ? અથવા

'ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફકત એકમેકના મન સુધી'કાવ્ય પંકિતનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો. [08]

1. 'એક બપોરે' કાવ્યને આધારે ગ્રામ જીવનમાં ખેતર-વાડી બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો.
2. 'વતનથી વિદાય થતાં' કાવ્યનો ભાવાર્થ લખો. અથવા

'હું એવો ગુજરાતી' કાવ્યમાં ગુજરાતી હોવાનું ગૌરવ કયાં કયાં કારણોસર અનુભવે છે.

## વિભાગ - C

નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તરો લખો. (દરેકનો એક ગુણ)
આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.

1 નીચેના બે શબ્દોની સાચી જોડણી લખો. [01]
(૧) નવરાત્રી (૨) ઔદ્યોગીક
(નવરાતરી, નવરાત્રી, નવરાત્રિ), (ઓદ્યોગિક, ઔદ્યોગિક, ઓદ્યોગીક)

2 'ઉદ્+લાસ' શબ્દની સાચી સંધિ જોડો. [01]
(ઉલ્લાસ, ઉદલાસ, ઉસલાસ)

3 'આગગાડી' શબ્દનો સમાસ ઓળખાવો. [01]
(મધ્યમપદલોપી સમાસ, ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ)

4 યોગ્ય જોડકું જોડો. [01]

| (અ) | (બ) |
|---|---|
| (1) કર્તરિ વાકય રચના | (અ) તમારા લોકોનું સપનું મારાથી પુરું ન કરી શકાયું |
| (2) કર્મણિ વાકય રચના | (બ) મારાથી એકલું પડી જવાયું છે |
| | (ક) લોકો બસ ખાધે-પીધે અને જીવ્યે રાખે છે. |

5 'કાઢીમાએ કામ કાઢયું' વાકયમાંનો અલંકારનો પ્રકાર જણાવો. [01]
(વર્ણાનુપ્રાસ અલંકાર, યમક અલંકાર, અનન્વય અલંકાર)

6 'વિખૂટો'શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? [01]
(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

7 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [01]
(1) કલાપી :- કબૂતર, મોર, કોયલ (2) મયંકઃ- ચંદ્ર, સૂર્ય, તારા

8 'સૈન્ય' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [01]
(સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક)

નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.

9 નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. [01]
કાળ કે દુકાળમાં કોદરા ભાવે.

10 નીચે આપેલી કહેવતનો અર્થ લખો. નવ નેજાં પડવા [01]

11 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [01]

*ઢોરને બાંધવાની જગ્યા.*

12 નીચેના શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ લખો. શ્રુગ [01]

13 બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ લખો. પુર, પૂર [01]

14 નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. વાળુ [01]

15 નીચેના વાકયમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [01]

*ક્રિકેટની સ્પર્ધામાં મનોજ પ્રથમ ક્રમે આવ્યો.*

16 'મુહૂર્ત' શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. [01]

17 નીચેની પંકિતનો છંદ ઓળખાવો. [01]

*જયાં જયાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની*

18 નીચેનામાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [01]

*તે બધાને ખૂબ આદર આપે છે.*

19 નીચેના વાકયની ભાવે વાકય રચના બનાવો. *હું એકલી પડી ગઈ છું.* [01]

20 'પૃથ્વી' છંદનું બંધારણ જણાવો. [01]

## વિભાગ - D

(અ) નીચેની પંકિતઓનો આશરે પંદર વાકયોમાં અર્થવિસ્તાર કરો. [04]

*વિદ્યા વપરાતી ભલી, વહેતાં ભલાં નવાણ, અણછેડયા મૂરખ ભલા, છેડયા ભલા સુજાણ.*

અથવા

*હૈયે વડવાનલ જલે, તોયે સાગર ગાય, હસી જાણે જગઝેર'પી સંત તે કહેવાય.*

(બ) પાંચમી જૂન પર્યાવરણ દિવસ અંતર્ગત તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ અંગેનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો. [04]

(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]

*માનવ વિકાસયાત્રની કરુણતા જ એ છે કે યુદ્ધોથી માનવી થાકયો છે વિલાસ, કામુકતા અને રાગરંગ પણ તેને સાચા સુખનો અનુભવ કરાવી શકયા નથી. એ સુખ પ્રાપ્ત કરવાનાં હવાતિયાં મારે છે, પણ તે પ્રાપ્ત કરવાનો તેનો રાહ ખોટો છે. માનવતાને કેન્દ્રમાં રાખ્યા સિવાયની શોધો કે ભૌતિક સાધન સામગ્રીઓ ભાગ્યે જ સુખ અને શાંતિનો અનુભવ કરાવી શકે. એથી જ આજે યુરોપ કે અમેરિકામાં પણ માનવીને નિરાંત નથી. સમૃદ્ધિ વચ્ચે પણ માનવી ખોવાયેલો, રઘવાયેલો દેખાય છે. આજના માનવીની સ્થિત પાની મેં મીન પિયાસી જેવી થઈ છે તેથી પેલી પરમ શાંતિ અને મુકિતની પ્યાસ છીપતી નથી અને તરસ્યો જીવ વ્યાકુળતા અનુભવે છે.*

(ડ) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [08]

**માનવ અને પશુની મૈત્રી :-**

**મુદ્દાઓ:-** *પ્રસ્તાવના- માનવીનો પ્રાણી પ્રત્યેનો પ્રેમ - પશુઓની વફાદારી - ઉપસંહાર.* **અથવા**

**પ્રદૂષણ : એક સાર્વત્રિક સમસ્યા :-**

**મુદ્દાઓ :-** *પ્રસ્તાવના - ઔદ્યોગિક ક્રાંતિની અસરો - વસ્તી વિસ્ફોટની અસરો - અણુશસ્ત્રોના અખતરાની અસરો - પ્રદૂષણ ઘટાડવા માટેના ઉપાયો - ઉપસંહાર.* **અથવા**

**હાય રે ! મોંઘવારી :-**

**મુદ્દાઓ:-** *પ્રસ્તાવના- ભારતનો ભવ્ય ભૂતકાળ - મોંઘવારી - મોંઘવારી વધવાના કારણો - મોંઘવારીની માનવજીવન પર અસર - મોંઘવારી વધતી અટકાવવાના ઉપાયો.*